# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC

શારીરિક શિક્ષણ વિભાગ,યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧

ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in


ના.શા.શિ/વાર્ષિક ખેલકુદ/૧૦૩/૨૦૨૪

તા.૨૦/૧૧/૨૦૨૪

**વિષય :- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વાર્ષિક ખેલકુદ રમતોત્સવમાં ૦૩ ઈવેન્ટ ઉમેરવા અંગે.**
**સંદર્ભ :- શા.શિ.વિભાગના તા.૦૪/૧૧/૨૦૨૪ પરિપત્ર ક્રમાંક નં.શા.શિ/વાર્ષિક ખેલકુદ/૯૮/૨૦૨૪**

**પરિપત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિ. સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે સંદર્ભ ૦૧ અન્વયે શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા તા.૦૪/૧૧/૨૦૨૪ ના રોજ વાર્ષિક ખેલકુદ મહોત્સવ અંગેનો પરિપત્ર જાહેર કરવામાં આવેલ હતો.

વર્ષ ૨૦૨૪-૨૫ ના સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વાર્ષિક ખેલકૂદ મહોત્સવમાં ત્રણ ઈવેન્ટ ઉમેરવામાં આવેલ છે.

(1) Decathlon

(2) Heptathlon

(3) 3000 meters steeplechase

ઉપરોક્ત મુજબની ત્રણ ઈવેન્ટ માટે જે ખેલાડીઓને ભાગ લેવો હોય એ ખેલાડીના શારીરિક શિક્ષણના અધ્યાપક પોતાની કોલેજના લેટર ઉપર વિદ્યાર્થીઓનું નામ અને ઈવેન્ટ લખી અને પ્રિન્સિપાલશ્રીના સહી સિક્કા કરાવીને શારીરિક શિક્ષણ વિભાગમાં કોલેજના લેટર પેડમાં એન્ટ્રી મોકલવી આ ઈવેન્ટ માટેની એન્ટ્રી મોકલવાની છેલ્લી તા.૨૩/૧૧/૨૦૨૪ સુધીમાં મોકલવાની રહેશે.

નોંધ:- ઉપરોક્ત ત્રણ ઈવેન્ટમાં જે ખેલાડીઓ ભાગ લેશે તે ખેલાડીને અન્ય ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ હશે તે ખેલાડીને ઓલ ઈન્ડિયા સ્પર્ધામાં મોકલવા કે નહીં તે અંગેનો આખરી નિર્ણય શારીરિક શિક્ષણ વિભાગ અને કમિટી દ્વારા ખેલાડીઓના આંક અને પરફોર્મન્સને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે.

**ઈચા.શારીરિક શિક્ષણ નિયામક**

**<u>પ્રતિ,</u>**

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં વડાશ્રીઓ.

(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ

**નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :-**

ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્દિધ અર્થે)

**નકલ સાદર રવાના :-**

(૧) માન.કુલપતિશ્રી/ માનઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી

(૨) માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

Accredited Grade "B" by NAAC

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

શારીરિક શિક્ષણ વિભાગ,યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૮૫૦૧ એક્સટે. નં. ૧૧૧
ઈ-મેઈલ : phyedu@sauuni.ac.in

ના.શા.શિ/વાર્ષિક ખેલકુદ/૯૮/૨૦૨૪

તા.૦૪/૧૧/૨૦૨૪

## વિષય :- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વાર્ષિક ખેલકુદ રમતોત્સવ અંગે.

**પરિપત્ર :-**

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ તથા યુનિ. સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, તેમજ માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ ઉપરોકત વિષય અન્વયે જણાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વાર્ષિક ખેલકુદ રમતોત્સવનું આયોજન આગામી તા.૦૫ થી ૦૭ ડિસેમ્બર ૨૦૨૪ નાં રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે કરવામાં આવેલ છે. **ખેલાડી ભાઈઓ –બહેનોનું રજીસ્ટ્રેશન www.icsauuni.com નિયત સમય મર્યાદામાં તા.૦૫/૧૧/૨૦૨૪ થી તા.૨૩/૧૧/૨૦૨૪ સુધીમાં દરેક કોલેજ/ભવનોએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. દરેક કોલેજ/ભવનોએ ખેલાડી ભાઈઓ-બહેનોનું રજીસ્ટ્રેશન કર્યા બાદ ખુબ જ કાળજીપૂર્વક વિધાર્થી એથલેટીક્સ મીટમાં જે સ્પર્ધાઓમાં ભાગ લેવાના છે,તેમાં કાળજીપૂર્વક ઈવેન્ટ અસાઈન કરવાની રહેશે.**

| | -: અગત્યની સુચના :- |
|---|---|
| ૦૧. | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/ભવનોએ ભાઈઓની એન્ટ્રી ફી રૂ.૫૦૦/- અને રેફરી ફી ૫૦૦/- = રૂ.૧૦૦૦/- અને બહેનોની એન્ટ્રી ફી રૂ.૫૦૦/- અને રેફરી ફી ૫૦૦/- = રૂ.૧૦૦૦/- તેમજ તા.૦૪/૧૨/૨૦૨૪ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ૦૭:૦૦ કલાક દરમિયાન BIB (ચેસ્ટ નંબર અને બુકલેટ) કલેક્શન સમયે એન્ટ્રી ફી રૂ.૫૦૦/- અને રેફરી ફી રૂ.૫૦૦/- કુલ રૂ.૧૦૦૦/- રોકડમાં ચૂકવવાની રહેશે. |
| ૦૨. | ખેલાડીઓની સાથે સ્પોર્ટ્સ ઈન્ચાર્જ (શારીરિક શિક્ષણ અધ્યાપક)ને ફરજીયાત મોકલવાના રહેશે. |
| ૦૩. | એક કોલેજ/ભવનમાંથી ૧૨ (બાર) ભાઈઓ અને ૧૨ (બહેનો) જ ભાગ લઈ શકશે. વધુ ખેલાડીઓવાળી એન્ટ્રી સ્વીકારવામાં આવશે નહી. |
| ૦૪. | કોલેજોએ એલીજીબીલીટી ફોર્મમાં પ્રિન્સિપાલ તેમજ શારીરિક શિક્ષણ અધ્યાપકશ્રીઓના સહી સિક્કા સાથે લાવવાનું રહેશે. |
| ૦૫. | નિવાસ/ભોજનની વ્યવસ્થા શારીરિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવશે. |
| ૦૬. | એક ખેલાડી વધુમાં વધુ ૦૩ (ત્રણ) ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. એક ટીમમાં વધુમાં વધુ ૧૨ (બાર) ખેલાડીઓ ભાગ લઈ શકશે. |
| ૦૭. | ૧૦,૦૦૦ મીટર દોડમાં ભાગ લેનાર ખેલાડી ભાઈઓ-બહેનોએ તા.૦૫-૧૨-૨૦૨૪ નાં રોજ સવારે ૦૭:૦૦ કલાકે હાજર રહેવું. |
| ૦૯. | દરેક ખેલાડીઓએ ઓળખપત્ર અને આધાર કાર્ડ સ્પર્ધાનાં સમયે સાથે લાવવાના રહેશે. ઓળખપત્ર ન ધરાવતા હોય તેવા ખેલાડીઓનું પરિણામ અટકાવી રાખવામાં આવશે. |
| ૧૦. | www.icsauuni.com નિયત સમય મર્યાદામાં દરેક કોલેજ/ભવનોએ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. |
| ૧૧. | આયોજક સમિતિને નિર્ણય લેવાની અંતિમ સત્તા હશે, જે સર્વેને બંધનકર્તા રહેશે. પ્રોટેસ્ટ ફી રૂ.૫૦૦/- છે. |
| ૧૨. | જો સ્પર્ધા દરમિયાન કોઈ ઈજા થાય તો તેના માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં. |

<u>પ્રતિ,</u>

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોનાં વડાશ્રીઓ.
(૨) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ

ડૉ.હરીશ બી.રાબા
ઈચા.શારીરિક શિક્ષણ નિયામક
શારીરિક શિક્ષણ વિભાગ
**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**
રાજકોટ

**<u>નકલ રવાના યોગ્ય કાર્યવાહી અર્થે :-</u>**
ડાયરેકટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટરશ્રી (વેબસાઈટ દ્વારા પ્રસિદ્ધિ અર્થે)
**<u>નકલ સાદર રવાના :-</u>**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવનાઅંગત સચિવશ્રી